# સોનાં—ચાંદીના વેપારમાં વધતા ફ્રોડ સામે સાવચેતી અંગે ભારત સુવર્ણકાર સેતુની સત્તાવાર અપીલ

રાજકોટ:ભારત સુવર્ણકાર સેતુ દ્વારા રાજ્યના તમામ જવેલર્સ એસોસીએશન, સુવર્ણકારો તથા સોનાં—ચાંદીના વેપારીઓને જાણ કરવામાં આવે છે કે તાજેતરમાં સોનાં અને ચાંદીના ભાવોમાં નોંધપાત્ર વધારો થયેલ હોવાથી કેટલાક તત્વો દ્વારા જુના, ખોટા અથવા ભેળસેળવાળા દાગીના આપી નવા દાગીના મેળવવાના પ્રયાસોની ઘટનાઓ સામે આવી રહી છે, જે ગંભીર ગુનાહિત પ્રવૃત્તિની શ્રેણીમાં આવે છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી સંસ્થા દ્વારા સ્પષ્ટ રીતે અપીલ કરવામાં આવે છે કે દરેક વેપારી પોતાની પેઢીમાં પ્રવેશ કરનાર દરેક ગ્રાહકનું નામ, મોબાઈલ નંબર તથા પૂર્ણ સરનામું ફરજિયાત રીતે રજિસ્ટરમાં નોંધે. આવું રજિસ્ટ્રેશન ન રાખવાથી ભવિષ્યમાં કાયદાકીય કાર્યવાહી દરમિયાન વેપારીને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે.

સોનાંના બુકિંગ બાબતે સ્પષ્ટ કરવામાં આવે છે કે સંપૂર્ણ ચુકવણી પ્રાપ્ત થયા બાદ જ બુકિંગ માન્ય ગણવામાં આવે. અર્ધ ચુકવણીના આધારે બુકિંગ કરવું કાયદાકીય જોખમ ઊભું કરી શકે છે.



હિજાબ, ટોપી, હેલ્મેટ કે માસ્ક પહેરીને આવનાર વ્યક્તિને દુકાનમાં પ્રવેશ આપવા પહેલાં ઓળખ સ્પષ્ટ થાય તે રીતે તે તમામ આવરણ દૂર કરાવવું ફરજિયાત છે. ઓળખ છુપાવવાના પ્રયાસને શંકાસ્પદ માનવામાં આવશે.જો શોરૂમમાં વેપારી એકલા હાજર હોય તો સુરક્ષા હેતુસર ગ્રાહકને એક સમયે એક જ દાગીનો બતાવવો, તમામ દાગીના એકસાથે બહાર ન કાઢવા.

કોઈ પણ વ્યક્તિ પોલીસ અધિકારીના નામે ફોન કરીને દબાણ કે ધમકી આપે તો તાત્કાલિક કોઈ નિર્ણય ન લઈ, તેની વિગતો સાથે ભારત સુવર્ણકાર સેતુને જાણ કરવી અને જરૂરી જણાય તો સ્થાનિક પોલીસ સ્ટેશનમાં લેખિત જાણ કરવી.

કોઈ પણ પ્રકારની ખરીદી કે વેચાણ વખતે એફિડેવિટમાં સંપૂર્ણ વિગત લખવી, જુના દાગીના લઈ નવા દાગીના આપવાના વ્યવહારમાં ગ્રાહકનું લેખિત રજિસ્ટ્રેશન તથા અલગ રજીસ્ટર રાખવું ફરજિયાત રાખવામાં આવે.

સોનાં અથવા ચાંદીની ખરીદી—વેચાણ દરમિયાન આધાર કાર્ડ સહિત માન્ય ઓળખપત્ર લેવું અનિવાર્ય છે. આ પ્રક્રિયા મની લોન્ડરિંગ અને ફ્રોડ નિવારણ માટે મહત્વપૂર્ણ છે.

ભારત સુવર્ણકાર સેતુ દ્વારા સ્પષ્ટ ચેતવણી આપવામાં આવે છે કે હાલની પરિસ્થિતિમાં બેદરકારી અથવા નિયમોનું ઉલ્લંઘન કરવાથી વેપારીને કાયદાકીય અને આર્થિક નુકસાનનો સામનો કરવો પડી શકે છે. તેથી તમામ વેપારી ભાઈઓએ નિયમોનું પાલન કરી સાવચેતીપૂર્વક વેપાર કરવો.

# વિરપુર (જલારામ) ગામના પ્રજાલક્ષી પ્રશ્નો માટે ગ્રાન્ટ ફાળવવા મુખ્યમંત્રીને લેખીત રજુઆત

રાજકોટ:રાજકોટ જીલ્લાના પવિત્ર યાત્રાધામ પૂજ્ય જલારામ બાપાના ગામ એવા વિરપુર (જલારામ) ગામના વિવિધ પ્રાણ પ્રશ્નો અને પ્રજાલક્ષી પ્રશ્નો માટે સરકારશ્રીમાં અવાર-નવાર રજુઆતો કરી રહેલા વિરપુર ગામના સામાજીક કાર્યકર અને યુવા એડવોકેટ અનિલકુમાર સરવૈયાએ ગત તા.: ૭/૧/૨૦૨૫ ના રોજ વિરપુરના વિકાસ માટે ગ્રાન્ટ ફાળવવા માટે લેખીત રજુઆત કરેલી હતી. જેમાં વિરપુર ગામના મધ્યમાંથી પસાર થતો હોટલ રવિથી હોટલ સૌભાગ્ય ચોકડી સુધી જે સી.સી. રોડ અધુરો છે તેને નવેસરથી સી.સી. રોડ બનાવી આપવા માટે રજુઆત કરેલ છે. હાલમાં આ રોડમાં ખાલી વિરપુર ગામના મધ્યમાં જ જુનો આજથી પંદરેક વર્ષ જુનો સી.સી. રોડ બનાવેલ છે. તેને બદલે ત્રણ કિ.મી. લંબાઈ ધરાવતો આ મુખ્ય હાર્દસમા રોડને સી.સી. રોડ માટે ગ્રાન્ટ માટે



રજુઆત કરાયેલ છે.

અન્ય પ્રજાલક્ષી પ્રશ્નો કે વિરપુર ગ્રામ પંચાયતનું વહિવટી કાર્ય રેલ્વે સ્ટેશન રોડ ઉપર જુની જર્જરીત હાઈસ્કૂલમાં કામ ચલાઉ થઇ રહેલ છે. જે બિલ્ડીગ ઘણા વર્ષ જુનુ હોય, જર્જરીત હાલતમાં હોય. વિરપુર ગામ જેતપુર તાલુકાનું મતદાનની દ્રષ્ટિએ મોટામાં મોટુ ગામ હોય આ જર્જરીત મકાનમાં અન્ય વધારાના રૂમોની સગવડતા પણ ન હોય, તેમજ સીટી સર્વે ઓફીસ પણ આ જ બિલ્ડીગમાં આવેલ હોય, જેથી આગામી દિવસોમાં ભારે વરસાદના કિસ્સામાં બિલ્ડીગમાં નુકશાન થાય અને જાનહાની પણ થાય તેવી સંભાવના હોય તેમજ સરકારી રેકર્ડને પણ ક્ષતિ પહોંચે તેમ છે. જેથી નવા ગ્રામ પંચાયત ઓફીસ માટે પણ વ્યવસ્થા કરવા માટે ગ્રાન્ટ ફાળવવા માટે લેખીત રજુઆત કરવામાં આવેલ છે. તેમજ અન્ય રજુઆત જેવી કે વિરપુરમાં વર્ષોથી માલધારી ભરવાડ સમાજ પોતાના પશુઓ સાથે રહીને ગુજરાન ચલાવી રહેલ છે. તેમની પાસે પશુઓને સાચવવા માટે ઢોરવાડો માટે સરકારશ્રીએ કોઇ જમીન ફાળવેલ નથી, તેથી આ માલધારી ભરવાડ લોકોને પશુઓ સાચવવામાં ખૂબ જ અગવડતા પડી રહેલ છે અને તેઓનું પશુપાલન ઉપર જ આજીવિકા આવેલ હોય, જેથી તેઓને વિરપુર ખરાબાની સરકારી જમીન જરૂરીયાત મુજબ ભાડા પટ્ટે ફાળવવાની લેખીત રજુઆત કરેલ છે.

# નિવૃત મામલતદારને રીક્ષામાં બેસાડી દોઢ તોલાનો ચેઈન સેરવી લેનાર રાજુલાનો શખ્સ ઝડપાયો

રાજકોટ:ગોકુળધામમાં રહેતા નિવૃત મામલતદારને રીક્ષામાં બેસાડી દોઢ તોલાનોંસોનાનો ચેઈન નજર ચૂકવી સેરવી જઈ રીક્ષા ગેંગ ફરાર થઇ ગઈ હતી. જે બનાવમાં ક્રાઇમ બ્રાન્ચે રીક્ષા ગેંગના સાગરીતને ઝડપી લઇ મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી આદરી હતી. બનાવ અંગે ગોકુળધામ શેરી નંબર-૦૬(બી)માં રહેતા ૭૨ વર્ષીય નિવૃત મામલતદાર દિલીપભાઈ ગૈબૈરીશંકરભાઈ જાનીએ એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઇ તા.૧૦ ના બપોરના એકાદ વાગ્યે ઘરેથી રીક્ષામાં બેસી હરીહર ચોકથી આગળ આવેલ મેઇન પોસ્ટ ઓફીસ ખાતે બચત ખાતામાંથી પૈસા ઉપાડવા માટે ગયેલ હતો. ખાતામાંથી રોકડ રૂ.૧૦ હજાર ઉપાડેલ અને પોસ્ટ ખાતાનું કામ પતાવીને ચાલીને જયુબેલી પાસે આવેલ આલફ્રેડ મ્યુઝીયમ પાસે પહોંચેલ હતાં. ત્યાં એક નંબર પ્લેટ વગરની સી.એન.જી. ઓટો રીક્ષા આવેલ અને રીક્ષાચાલકે કહેલ કે, કાકા તમારે કયા જવુ છે, જેથી કહેલ કે મારે ગોકુલધામ જવુ છે. રીક્ષાચાલકે કહેલ કે, રીક્ષામાં બેસી જાવ, જે ભાડુ ચાલતુ હશે તે આપી દેજો. જેથી રીક્ષામાં બેસી ગયેલ હતો. રીક્ષામાં પાછળની સીટમાં એક માણસ અગાઉથી બેસેલ હતો. બાદ માલવીયા ચોકથી આગળ યાજ્ઞિક રોડ ઉપર સ્વામી વિવેકાનંદના પુતળા પાસે પહોંચતા રીક્ષા ચાલકે રીક્ષા ઉભી રાખી દીધેલ અને લ કહેલ કે, કાકા તમે અહી ઉતરી જાવ હું આ પેસેન્જરને આગળ ઉતારીને તમને પરત લઇ જવ છુ. જેથી રીક્ષામાંથી નીચે ઉતરી ગયેલ હતો.

બાદ તેઓએ ગળામાં પહેરેલ ૧૨ થી ૧૫ ગ્રામ ૨૨ કેરેટનો સોનાનો ચેઇન મળી આવેલ ન હતો. રીક્ષા ચાલક પણ પરત આવેલ નહી. જેથી રીક્ષાચાલક તથા પાછળની સીટમાં બેસેલ અજાણ્યા શખ્સે કોઈ સાધનથી તેઓએ પહેરેલ સોનાનો ચેઇન તોડીને ચોરી કરી ગયાની જાણ થતાં રૂ।૯,૨૫૩ ની ચેઇન ચોરીની ફરિયાદ નોંધાવી હતી.

બનાવ અંગે એ ડિવિઝન પોલીસની ટીમે ગુનો નોંધી તપાસ આદરી હતી. દરમિયાન ક્રાઈમ બ્રાન્ચ પીએસઆઇ શક્તિસિંહ ચુડાસમાની ટીમે ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન રિસોર્સથી સોનાના ચેનની ચોરીને અંજામ આપના રીક્ષા ગેંગની બેલડી પૈકી પાછળની સીટમાં બેસી કળા કરી જનાર મૂળ રાજુલાના શખ્સને ઉઠાવી લઇ ૧૯ હજારની કિંમતનો સોનાનો ચેન કબજે કર્યો હતો.

આરોપી પાસેથી વધુ એક ચેઇન મળી આવતા ક્રાઇમ બ્રાન્ચની ટીમે પૂછપરછ કરતા આરોપીએ કેફિયત આપી હતી કે, તેમણે આ પ્રકારે જ માલવીયાનગર પોલીસ મથક વિસ્તારમાં પણ સોનાના ચેનની ચોરીને અંજામ આપ્યો હતો. જેથી ક્રાઇમ બ્રાન્ચે બંને સોનાના ચેઇન કબ્જે કરી રીક્ષાચાલકની શોધખોળ શરૂ કરી છે.

**રાજકોટના દારૂના ગુનામાં ૧૯ વર્ષથી ફરાર રાજસ્થાની ઝડપાયો**

રાજકોટના દારૂના ગુનામાં ૧૯ વર્ષથી ફરાર રાજસ્થાની શખ્સને ક્રાઇમ બ્રાંચની ટીમે માધાપર ચોકડી પાસેથી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગડીયા અને ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવાએ નાસતા ફરતા આરોપીઓને પકડી કાયદેસરની કાર્યવાહી કરવાની આપેલ સૂચનાથી ક્રાઇમ બ્રાંચ પીઆઇ એમ.આર. ગોંડલીયા, એ.એલ.ડામોર અને ચિરાગ જાદવની રાહબરીમાં પીએસઆઇ ડી.પી.ઝાલાની ટીમે દારૂના અલગ અલગ ગુનામાં છેલ્લા ૧૯ વર્ષથી ફરાર ઉમેદસિંગ જુવાનસિંગ રાઠોડ (ઉ.વ.૪૮, રહે. પાલી, રાજસ્થાન)ને પકડી પાડી કાર્યવાહી કરી હતી. પકડાયેલા આરોપી વિરૂધ્ધ થોરાળા પોલીસ મથકમાં જ દારૂના અલગ અલગ બે ગુના વર્ષ ૨૦૦૯માં નોંધાયેલ હતા જે બાદ તે ફરાર થઇ ગયેલ હતો.

# મતદાર યાદીમાંથી સાચા મતદારોના નામો રદ કરવાની પેરવી સામે વિરોધ : તપાસની માંગણી

## કલેકટર કચેરી સામે કોંગ્રેસ દ્વારા બે કલાક સુધી ધરણા - સૂત્રોચ્ચાર : આવેદનપત્ર અપાયુ

રાજકોટ:રાજકોટ જિલ્લા સહિત રાજ્યમાં ફાઈનલ મતદાર યાદી જાહેર થાય તે પુર્વે જ ચુંટણીપંચ શંકાના દાયરામાં આવેલ છે. મતદાર યાદીમાંથી સાચા મતદારોના નામો રદ કરવાની પેરવી સામે કોંગ્રેસ દ્વારા આંદોલનના મંડાણ કરવામાં આવેલ છે. રાજકોટ જિલ્લા કલેકટર કચેરી ખાતે આજે ઉઘડતી કચેરીએ જ રાજકોટ શહેર કોંગ્રેસ સમીતીના પ્રમુખ ડો.રાજદીપસિંહ જાડેજાની આગેવાની હેઠળ કોંગ્રેસના કાર્યકરો અને હોદેદારોએ વિશાળ સંખ્યામાં ઉમટી પડી આ મામલે સતત બે કલાક સુધી કલેકટર કચેરીના પટાંગણમાં જ કોંગ્રેસના કાર્યકરો અને હોદેદારોએ બેસી જઈ ધરણા સૂત્રોચ્ચાર કરી આ મામલે કલેકટર ડો. ઓમપ્રકાશને આવેદન સુપ્રત કરવામાં આવેલ હતું.



આ અંગે રાજકોટ શહેર કોંગ્રેસ સમીતીના પ્રમુખ ડો.રાજદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે ચુંટણીપંચ અને વહીવટીતંત્ર દ્વારા મતદાર યાદી સઘન સુધારણા સંદર્ભે ગત તા.૧૯ ડિસેમ્બરના રોજ મુસદા મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.આ મતદાર યાદીના અનુસંધાને વાંધા-સૂચન-હકક દાવા માટે ફોર્મ નં.૬,૭ અને ૮ ભરવાની અંતિમ તારીખ ૧૮ જાન્યુ. નિયત કરવામાં આવી હતી. આ દરમિયાન ગત તા.૧૬ થી સમગ્ર રાજયમાં મતદાર નામ કમી કરવાના માટેના ફોર્મ નં.૭ હજારોની સંખ્યામાં સબમીટ થવા લાગ્યા છે. ફોર્મ નં.૭ અંગે કાનુની સ્થિતિ લોકપ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૦ અને મતદારોની નોંધણી નિયમો ૧૯૬૦ની જોગવાઈ અનુસાર આ ફોર્મ ત્યારે જ સબમીટ કરી શકાય છે.દરેક અરજી ચુંટણી અધિકારી દ્વારા (નામ કાઢી નાંખવા માટે વાંધો) ફકત ત્યારે જ સબમીટ કરી શકાય છે. પરંતુ મળતી માહિતી મુજબ સતાધારી પક્ષ દ્વારા સુયોજીત રીતે ચોકકસ જ્ઞાતિ ધર્મ અને રાજકીય પક્ષ તરફી મતદારોના નામ કમી કરવા માટે રજુ થયેલ છે તેમ શહેર કોંગ્રેસ પ્રમુખ જાડેજાએ જણાવી ઉમેર્યુ હતું કે ફોર્મ નં.૭ વાંધાઓનું સંકલીત ફાઈલીંગ ભાજપ દ્વારા ખોટી રીતે સાચા મતદારોના નામ કાઢી નાંખવા અને મતદાર યાદીમાં છેડછાડ કરવા માટે ઈરાદાપૂર્વકનું કાવતરુ હોય તેવુ લાગે છે.જેનાથી લોકશાહી પ્રક્રિયા નબળી પડશે. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ રાષ્ટ્રીય કક્ષાનો રાજકીય પક્ષ છે. હાલના સંજોગોમાં સતાધારી પક્ષ સામે સૌથી મોટો વિરોધ પક્ષ કોંગ્રેસ ગણાઈ રહ્યો છે ત્યારે રાષ્ટ્રીય પક્ષ તરીકે ગુજરાતના મતદારો મતદાનની વંચિત ન રહી જાય અને બદઈરાદાથી ભરાયેલા સાચા મતદારોના નામ કમી ન થઈ જાય તેમજ લોકશાહી જીવંત રહે તે તેઓની માંગણી છે. ફોર્મ નં.૭ સબમીટ કરવાના સમયગાળાના છેલ્લા દિવસો એટલે કે ગત તા.૧૬થી૧૮ જાન્યુ. દરમ્યાન જેટલા પણ ફોર્મ-૭ સ્વીકારવામાં આવ્યા હોય તે બધી જ ઓફીસોના સીસીટીવી ફુટેજ તપાસવામાં આવે તેવી તેઓએ માંગણી તેઓએ વ્યક્ત કરી હતી.શહેર કોંગ્રેસના પ્રમુખ રાજદીપસિંહ જાડેજાએ વિશેષમાં એવું પણ જણાવ્યું હતું. રાજકોટ સહિત રાજયમાં ૧૦ લાખ જેટલા મતદારોના નામ કમી કરવાનું આ ષડયંત્ર છે. જેમાં ભાજપની સાથે ચુંટણી તંત્ર અને વહીવટીતંત્રના અધિકારીઓની ભૂમિકા પણ શંકાસ્પદ બની છે. આ મામલે જો પગલા નહી લેવાય તો કોર્ટના દ્વાર ખટખટાવી કોંગ્રેસ દ્વારા આંદોલનના મંડાણ કરાશે.આ રજુઆતમાં શહેર કોંગ્રેસના પુર્વ પ્રમુખ અતુલ રાજાણી, વશરામ સાગઠીયા, ગાયત્રીબા વાઘેલા, મહેશ રાજપૂત, સંજયભાઈ લાખાણી, હબીબભાઈ કટારીયા, રસીકભાઈ ભટ્ટ, પ્રવિણભાઈ ચૌહાણ, જીતુભાઈ રાઠોડ સહિતના આગેવાનો અને કાર્યકરો વિશાળ સંખ્યામાં જોડાયા હતા.

# રાજકોટમાં ગ્રામ્ય પંથકની પરિણીતા પર દુષ્કર્મ ગુજારવાના કેસમાં આરોપીને આજીવન કેદ

રાજકોટ,રાજકોટ ગ્રામ્ય પંથકની પરિણીતાને બેંકનું ફોર્મ ભરવા બોલાવી દુષ્કર્મ આચારવાના ગુનાનો કેસ ચાલી જતા અદાલતે આરોપીને આજીવન કેદ અને દંડ ફટકારતો હુકમ કર્યો છે. ગત તારીખ ૧-૭-૨૦૨૩ નારોજ રાજકોટ તાલુકાના ગ્રામ્ય વિસ્તારની યુવતીને જીગર ઉર્ફે જીગો પરબતભાઇ ભાદરકા નામના શખ્સ બેંકનું ફોર્મ ભરવાનું કહી તેણીનું બાવડું પકડી તેના ઘરમાં લઇ જઇ ધમકી આપી બળજબરીથી બળાત્કાર ગુજારેલ હોવાની ફરિયાદ કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપી જીગર ઉર્ફે જીગો પરબતભાઈ ભાદરકા ની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા આરોપીને જેલ હવાલે કરેલ અને આરોપી વિરુદ્ધ ગુના ને લગતો પૂરતો પુરાવો મળી આવતા કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.આ કેસમાં બંને પક્ષોની રજૂઆત બાદ સોગંદ ઉપર જુબાનીથી તથા દસ્તાવેજી પુરાવા લીસ્ટ અને સરકાર તરફે સરકારી વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલને ધ્યાને લઇ સેશન્સ જજ ટી.એસ.બ્રહ્મભટ્ટ આરોપી જીગર ઉર્ફે જીગો પરબતભાઈ ભાદરકા ને તકસીરવાન ઠરાવી આજીવન સખત કેદની સજા તથા ૫૦ હજાર રૂપિયાનો દંડ ફટકારેલ છે આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયેલ હતા.

# અમૃત મંડળીના છ બાકીદારોની સજા કાયમ રાખતી અદાલત

## ૬ ચેક આપેલા જે રિટર્ન થયા હતા, સજા બાદ અપીલ સેશન્સ કોર્ટે ફગાવી

રાજકોટ:નાનામોવા રોડ ખાતે આવેલ અમૃત ક્રેડીટ-કો.ઓપ. સો.માંથી સિધ્ધપરા પરિવારના ૬ સભ્યો ટ્વિંકલબેન વર્ષીલભાઇ સિધ્ધપરા, સવિતાબેન જગદીશભાઇ સિધ્ધપરા, વર્ષીલભાઇ જગદીશભાઇ સિધ્ધપરા, કાંતીલાલ શંભુભાઇ તોગડીયા, રીપલબેન વરૂણભાઇ સિધ્ધપરા, વરૂણભાઇ જગદીશભાઇ સિધ્ધપરાએ લોન મેળવેલ હતી.લોનના ચડત હપ્તા પેટે ફરીયાદી મંડળીને આ ૬ વ્યકિતઓએ કુલ રૂા.૧,૨૦,૮૮,૭૧૮ના ૬ ચેક આપ્યા હતા જે ચેકો ફંડઇન સફીસીયન્ટના શેરાથી રીટર્ન થયેલા. ફરિયાદી મંડળી વતી તેમના મેનેજર સતીષભાઇ પાંભર દ્વારા આ ૬ વ્યકિતઓની સામે કોર્ટમાં ફરિયાદ થઇ હતી. કોર્ટ દ્વારા તમામ ૬એ આરોપીને અલગ અલગ કેસ દોષીત ઠરાવી નં. ૧, વર્ષ ૬ માસની સાદી કેદની સજા તથા ચેકની રકમ એક માસ ફરિયાદીને ચુકવી આપવી, જો ચેક ન ચુકવે તો ૬ માસની વધુ સાદી કેદનો હુકમ રાજકોટના એડી.ચીફ. જ્યુ. સ્પે. કોર્ટ દ્વારા ફરમાવેલ હતો જેથી આરોપીઓ દ્વારા રાજકોટના ડીસ્ટી. એન્ડ સેસન્સ જજ સમક્ષ ૬ અલગ-અલગ અપીલ ફાઇલ કરેલ હતી.જે તમામ અપીલ ચાલી જતાં એડી. ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ એસ.બી. ગલરીયાએ રીસ્પોન્ડન્ટના એડવોકેટ સંજય પંડ્યાની દલીલ તેમજ ઉચ્ચ અદાલતના ચુકાદાને ધ્યાને લઇને તમામ ૬ અપીલ ડીસ્મીસ કરીને તમામ આરોપીઓની સામે બીન જામીન પાત્ર વોરંટનો હુકમ કરેલ છે તથા ફરિયાદી મંડળીને થતો ખર્ચ આપવાનો હુકમ ફરમાવેલ છે. આ કેસમાં ફરિયાદી વતી એડવોકેટ સંજયભાઇ પંડ્યા, મનીષભાઇ પંડ્યા, જયદેવસિંહ ચૌહાણ, વનરાજસિંહ જાડેજા તથા દક્ષાબા જાડેજા રોકાયેલ હતા.

# રાજકોટની રાજમોતી મિલ પાસે ટીપરવાનના ચાલકે બાઈકને ઠોકરે મારતા યુવાનને ઈજા

રાજકોટ,રાજકોટ શહેરમાં ટીપરવાન ચાલકો બેફામ રીતે વાહન ચલાવતા હોવાની અને અવાર નવાર અકસ્માતો સર્જતા હોવાની અનેક વાર ફરિયાદો ઉઠવા પામી છે. ત્યારે ટીપરવાનના ચાલકે વધુ એક અકસ્માત સર્જ્યો છે.શહેરના સામાકાંઠે ભાવનગર રોડ પર રાજમોતી મીલ પાસે ટીપરવાનના ચાલકે બાઇકને ઠોકરે ચડાવતા લોહાનગરમાં રહેતા યુવાનને ઈજા થતા સારવારમાં ખસેડવામાં આવ્યો છે.

જાણવા મળતી વિગત મુજબ રાજકોટના ગોંડલ રોડ પર આવેલા લોહાનગરમાં રહેતો વિઠ્ઠલ બચુભાઈ પાટડીયા નામનો ૨૦ વર્ષનો યુવાન સાંજના સમયે પોતાનું બાઈક લઇ ભાવનગર રોડ પર રાજમોતી મીલ પાસેથી પસાર થઈ રહ્યો હતો ત્યારે ટીપરવાનના ચાલકે બાઈકને ઠોકર ચડાવતા અકસ્માત સર્જાયો હતો અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા યુવકને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

બનાવને પગલે ઘટના સ્થળે લોકોના ટોળા એકઠા થઇ ગયા હતા. ટીપરવાનનો ચાલક પીધેલી હાલતમાં હોવાનુ ચર્ચાઇ રહ્યુ છે. આ અંગે થોરાળા પોલીસે હોસ્પિટલે દોડી જઇ ઈજાગ્રસ્ત યુવાનનુ નિવેદન નોંધવા તજવીજ હાથ ધરી છે.

# ભરશિયાળે આજી-૧ ડેમ છલકાવવાના આરે: માત્ર દોઢ ફુટનું છેટું

રાજકોટ:રાજકોટ શહેર માટે વર્ષોથી જીવાદોરી બની ગયેલી સૌની યોજનાના કારણે રાજકોટમાં પીવાના પાણીની સમસ્યા ભૂતકાળ બની ગઇ છે. વર્ષમાં અંદાજે ત્રણ વખત સૌની યોજના મારફતે રાજકોટના આજી-ન્યારી અને ભાદર ડેમ ભરવામાં આવે છે જેના કારણે ચોમાસા સુધી રાજકોટને પીવાના પાણીની તંગી રહેતી નથી. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં ફરી એક વખત રાજકોટના આજી અને ન્યારી-૧ ડેમમાં નર્મદાના નીર છોડવાનું શરુ કરાયું છે જેના કારણે ભરશિયાળે રાજકોટમાં આજી-૧ ૯૦ ટકા ભરાઇ ગયો છે.રાજકોટ સિંચાઇ વિભાગના સુત્રોમાંથી મળતી વધુ વિગતો મુજબ જાન્યુઆરી મહિનાની શરુઆતથી જ આરએમસીની માંગણી અનુસંધાને રાજકોટ સિંચાઇ વિભાગ દ્વારા આજી-૧ અને ન્યારી-૧ ડેમમાં નર્મદાના નીર છોડવાનું શરુ કરાયું છે. આથી ભર શિયાળે રાજકોટનો આજી-૧ ડેમ ૯૦ ટકાથી વધુ ભરાઇ ગયો છે અને ચાલુ મહિનાના અંતમાં સંભવત: આજી-૧ ફરીથી છલકાઇ જાય તેવી પરિસ્થિતિ સર્જાઇ છે. સિંચાઇ વિભાગના સુત્રોમાંથી મળતી વધુ વિગતો



મુજબ આજની સ્થિતિએ આજી ડેમની સપાટી ૨૭.૫૦ ફૂટે પહોંચી છે. આથી હવે ડેમ છલકાવવા આડે માત્ર દોઢ ફુટનું છેટુ રહી ગયું છે. ઉલ્લેખનીય છે કે આજી-૧ ડેમમાં અત્યાર સુધીમાં સિંચાઇ વિભાગે ૪૨૫ એમસીએફટી પાણી છોડી દીધું છે. જ્યારે ન્યારી-૧ ડેમ ૬૦ ટકા ભરાઇ ગયો છે અને તેની સપાટી ૨૦ ફુટે પહોંચી ગઇ છે. ન્યારી ડેમમાં અત્યાર સુધીમાં ૨૦૦ એમસીએફટી પાણી છોડાઇ ચૂક્યું છે. સિંચાઇ વિભાગના જણાવ્યા મુજબ હજુ પણ ૧૫ દિવસ સુધી નર્મદાનું નીર છોડવામાં આવનાર છે.

# પ. રેલવે દ્વારા ઓખા અને બાંદ્રા વચ્ચે સ્પેશિયલ ટ્રેન ચલાવવામાં આવશે

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા માટે ઓખા અને બાંદ્રા ટર્મિનસ સ્ટેશન વચ્ચે વિશેષ ભાડા પર "સ્પેશિયલ ટ્રેન" ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજકોટ ડિવિઝન થઈને પસાર થનારી આ સ્પેશિયલ ટ્રેનની વિગતો નીચે મુજબ છે:

ટ્રેન સંખ્યા ૦૯૫૬૨/૦૯૫૬૧ ઓખા-બાંદ્રા ટર્મિનસ સાપ્તાહિક સ્પેશિયલ (૧૦ ફેરા)

ટ્રેન સંખ્યા ૦૯૫૬૨ ઓખા-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ દર મંગળવારે ઓખાથી ૧૦:૨૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૪:૨૦ કલાકે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. આ ટ્રેન ૨૭ જાન્યુઆરીથી ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી ચાલશે.

તેવી જ રીતે, રિટર્ન માં ?ટ્રેન સંખ્યા ૦૯૫૬૧ બાંદ્રા ટર્મિનસ-ઓખા સ્પેશિયલ દર બુધવારે બાંદ્રા ટર્મિનસથી ૦૫:૫૦ કલાકે ઉપડશે અને તે જ દિવસે ૨૨:૫૦ કલાકે ઓખા પહોંચશે. આ ટ્રેન ૨૮ જાન્યુઆરીથી ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી ચાલશે.

આ ટ્રેન બંને દિશામાં દ્વારકા, ખંભાળિયા, જામનગર, હાપા, રાજકોટ, સુરેન્દ્રનગર, વિરમગામ, અમદાવાદ, વડોદરા, ભરૂચ, સુરત અને બોરીવલી સ્ટેશનો પર ઉભી રહેશે.

આ ટ્રેનમાં એસી-૨ ટાયર, એસી-૩ ટાયર, એસી-૩ ટાયર (ઇકોનોમી), સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસના કોચ હશે.

# ગોંડલના રીબડાના કારખાનામાં ઊંચાઈ પરથી પટકાતા યુવાનનું મોત

રાજકોટ, ગોંડલના રીબડાના કારખાનામાં કલરકામ કરતી વખતે ઊંચાઈ પરથી પટકાતા ૩૧ વર્ષીય યુવકનું મોત નીપજ્યું હતું. મળતી માહિતી અનુસાર, બ્રિજેશ સુરેશચંદ્ર ગૌતમ ઉંમર વર્ષ ૩૧, રહે. ખોડિયારનગર ગોવર્ધન ચોક, રાજકોટ) આજે સવારે ૧૧ વાગ્યાં આસપાસ રીબડા પાસે આવેલા નવા બનતા કારખાને હતો ત્યારે કલરકામ કરતી વખતે લોખંડના ઘોડા ઉપરથી આશરે ૧૨ ફૂટ જેટલી ઊંચાઈ પરથી પડી જતા માથમાં ઈજા થઈ હતી.તેને તત્કાલ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં લાવતા ડોકટરે મૃત જાહેર કરેલ.મૃતક બ્રિજેશ મૂળ ઉત્તરપ્રદેશનો વતની હતો.


**પશ્ચિમ રેલવે - રાજકોટ મંડળ**

**વિવિધ પ્રકારના કરાર માટે ઈ-હરાજી સૂચના**

**ટેન્ડર સૂચના સંખ્યા RJT-PAYUSE-PARK-CATG-25-05-07-19-20-21**

**તારીખ: 21.01.2026**

રાજકોટ મંડળ માટે નીચેની શ્રેણીઓ માટે ઈ-હરાજી, જે IREPS વેબસાઈટ પર પહેલાથી જ પ્રકાશિત થઈ ગઈ છે.વિગતો નીચે મુજબ છે:

| કેટલોગ નંબર | કરારનો પ્રકાર | શ્રેણી | કરાર નો સમયગાળો |
|---|---|---|---|
| E-PAYUSE-05-2025 | 1) PnU-RJT-OKHA-Toi-15-26-2<br>2)PnU-RJT-JAM-Toi-8-25-1<br>3) PnU-RJT-DWK-Toi-18-26-1 | (પે એન્ડ યુઝ - શૌચાલય) | 03 વર્ષ |
| E-PARK-07-2025 | 1) PARKING-RIT-HAPA-MX-6-25-1<br>2) PARKING-RJT-MVI-MX-8-25-1 | (પાર્કિંગ - મિશ્ર) | 03 વર્ષ |
| E-CATG-19-2025 | 1) Catg-RJT-MVI-GMU-13-25-1<br>2) Catg-RJT-THAN-GMU-14-25-1<br>3) Catg-RJT-DWK-SMU-12-25-2<br>4) Catg-RJT-JAM-SMU-69-25-1 | (કેટરિંગ - GMU અને SMU) | 05 વર્ષ |
| E-CATG-20-2025 | 1) MPS-RJT-RJT-MPS-5-25-1 | (MPS - મલ્ટી પર્પઝ સ્ટોલ) | 05 વર્ષ |
| E-CATG-21-2025 | 1) MSS-RJT-SUNR-WVM-27-25-1<br>2) MSS-RJT-WKR-WVM-28-25-1<br>3) MSS-RJT-RJT-WVM-26-25-1 | (વિવિધ સ્ટેટિક સેવાઓ - પાણી વેન્ડિંગ મશીન) | 05 વર્ષ |

**ઈ-હરાજીની તારીખ અને સમય:** 06.02.2026 ના 15:30 કલાકે

ઉપરોક્ત કેટલોગ નંબર હેઠળના લોટની વિગતો WWW.IREPS.GOV.IN (ઈ-ઓક્શન લીઝિંગ) વેબસાઈટ પર આગામી ઈ-ઓક્શન, ઝોન: પશ્ચિમ રેલ્વે, યુનિટ: રાજકોટ મંડળ - કોમર્શિયલ હેઠળ ઉપલબ્ધ છે.

RJT 189

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly


સૌરાષ્ટ્ર આસપાસ

Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)



# દિલ્હી ખાતે PM મોદી સાથે ગુજરાત BJP અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ કરી મુલાકાત




રાજકોટ,
દિલ્હી ખાતે PM મોદી સાથે ગુજરાત BJPઅધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાથે મુલાકાત કરી માર્ગદર્શન પ્રાપ્ત કર્યું વિશ્વના સર્વાધિક લોકપ્રિય નેતા, દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાથે શિષ્ટાચાર મુલાકાત કરી તેઓનું માર્ગદર્શન પ્રાપ્ત કર્યું. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીનો રાષ્ટ્ર-પ્રથમ અભિગમ, નવાચાર આધારિત વિચારધારા અને જનભાગીદારી પરનો વિશ્વાસ 'વિકસિત ભારત'ના સંકલ્પને નવી ઉર્જા આપે છે. તેમના પ્રેરક શબ્દોથી જનકલ્યાણ, સુશાસન અને સમયબદ્ધ પરિણામો માટે સંકલ્પબદ્ધ થઈ કાર્ય કરવાની પ્રેરણા મળી.

# રાજકોટ ગુરુકુલમાં શિક્ષાપત્રી દ્વિશતાબ્દી નિમિત્તે વિવિધ આયોજન

## ૧૦૮ વાનગીનો અન્નકૂટ : મહિલા મંદિર દ્વારા ત્રિદિનાત્મક શિક્ષાપત્રી ઉત્સવ


રાજકોટઃશ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાન દ્વારા વસંત પંચમીના શુભ દિને શિક્ષાપત્રી ગ્રંથના ૨૦૦ વર્ષ પૂર્ણ થતા હોય, શિક્ષાપત્રી પૂજન અને વિવિધ કાર્યક્રમોનું આયોજન ૨૩ જાન્યુઆરી શુક્રવારના દિવસે કરવામાં આવ્યું છે. વસંત પંચમીના પ્રભાતે સૌપ્રથમ સંતો હરિભક્તો દ્વારા સમૂહ ગાન થશે. ત્યારબાદ તુલસી અને પુષ્પ પાખડી વડે શિક્ષાપત્રી પૂજન થશે. ત્યારબાદ ગુરુ મહારાજ શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી અને મહંત સ્વામી શ્રી દેવપ્રસાદજી સ્વામી અને યજમાનો દ્વારા શિક્ષાપત્રી ગ્રંથની આરતી થશે. વસંત પંચમીના દિવસે શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીને દર્શન આપેલા તે ઘનશ્યામ મહારાજનો ૫૩મો પાટોત્સવ નિમિત્તે ઘનશ્યામ મહારાજ સમક્ષ ૧૦૮ વાનગીઓનો અન્નકૂટ ધરવામાં આવશે. ઘનશ્યામ મહારાજ અને અન્નકૂટની આરતી બાદ મહાપૂજા નું આયોજન કરવામાં આવેલું છે. જેમાં યજમાનો અને હરિભક્તો લાભ લેવાના છે

અન્નકૂટ દર્શન નો લાભ સવારે ૮ થી સાંજના ૫ વાગ્યા સુધી પ્રાપ્ત થશે. શિક્ષાપત્રી દ્વિશતાબ્દી નિમિત્તે સાંખ્યયોગી માતાઓ દ્વારા ત્રણ દિવસનો શિક્ષાપત્રી ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શિક્ષાપત્રી અનુષ્ઠાન, શિક્ષાપત્રી પર ગેમ્સનું આયોજન, શિક્ષાપત્રી કંઠસ્થ સ્પર્ધા, સમૂહ પ્રશ્નોત્તરી અને સાંખ્ય યોગી બહેનો દ્વારા શિક્ષાપત્રી કથા વગેરે પ્રેમવતી મહિલા મંદિર દ્વારા ૩:૩૦ થી ૬ વાગ્યા દરમ્યાન કરવામાં આવ્યું છે.

# રાજકોટમાં સફાઇ કામદાર જાગૃતી મંડળ દ્વારા પ્રજાસતાક બંધારણ પર્વ ઉજવાશે

રાજકોટ,
રાજકોટના સફાઇ કામદાર જાગૃતી મંડળ દ્વારા છેલ્લા ૨૭ વર્ષથી ૨૬ મી જાન્યુઆરી પ્રજાસતાક પર્વની ઉજવણી કરવામાં આવે છે. આ ૨૮ માં વર્ષના મંગલ પ્રવેશ સાથે ૭૭ માં પ્રજાસતાક બંધારણ પર્વ વાલ્મી કી સમાજના આગેવાનો, મંડળ ટ્રસ્ટો તેમજ સફાઇ કામદાર ભાઇ-બહેનો અને યુવા જાગૃતી મંડળ હસ્તમક રાષ્ટ્રગીતના નાદ સાથે ધ્વજવંદન કરવામાં આવશે.

સહુ ભારતીય નાગરીકો અને વાલ્મીકી સમાજને નિમંત્રણ પાઠવાયું છે. તા. ૨૬ ના સોમવારે સવારે ૧૧.૩૦ કલાકે રાષ્ટ્રગીત અને ધ્વજવંદન સફાઇ કામદાર જાગૃતી મંડળ ઓફીસ નં. ૨ ડો. આંબેડકર ભવન સીવીક સેન્ટર પાસે ઢેબર રોડ રાજકોટ ખાતે થશે તેમ સફાઇ કામદાર જાગૃતી મંડળના પ્રમુખ ભરતભાઇ બારૈયા (મો. ૯૩૫૫૯ ૫૬૦૪૪)ની યાદીમાં જણાવાયું છે.

# વેરાવળ :પ્રભાસપાટણનાં વિષ્ણુ મંદિરમાં ઠાકોરજીને શ્વેતવસ્ત્રોનો શણગાર



વેરાવળ,
ૠતુરાજ વસંતના વધામણા કરવા માટે સોમનાથના દેવમંદિરો આતૂર બન્યા છે. અહીના વિષ્ણુમંદિરમાં ઠાકોરજીને વસંતપંચમીથી છેક રંગપર્વ ધૂળેટી સુધી શ્વેતવસ્ત્રોનો શણગાર કરવામાં આવશે.

સોમનાથમાં શિવ મંદિરની જેમ જ વિષ્ણુ મંદિર પણ આવેલુ છે. અહીં વસંતપંચમીથી ફુલડોલ સુધી વિશેષ પૂજા કરવામાં આવે છે. સાથોસાથ વિષ્ણુભગવાનને શ્વેત વસ્ત્રોનો શણગાર કરવામાં આવે છે. તેમજ ઠાકોરજીને ધાણી ખજૂર દાળિયાનો ભોગ ધરાવવામાં આવશે.

વસંતપંચમી એ જ્ઞાન પંચમી છે. માતા સરસ્વતીની સાધના કરવાનો અવસર દિવસ છે. સોમનાથના સમુદ્રતટ પાસે સરસ્વતી માતાજીનું મંદિર આવેલું છે. પ્રભાસપાટણમાં પૂર્વ વાહિની સરસ્વતી નદી વહે છે. સંગીત સાધકો અને વિદ્યાસાધકો માતા સરસ્વતીની વંદના કરી મંદિરોમાં સ્વરાંજલિ અર્પે છે.

# રાજકોટમાં સતત ચોથી વખત ઓપન ગુજરાત રેપિડ ચેસ ચેમ્પિયનશીપ યોજાશે

રાજકોટ,
ચેસ રમતમાં રસ ધરાવતા ખેલાડીઓ માટે રોટરી ક્લબ ઓફ રાજકોટ પ્રાઈમ અને રાજકોટ ડિસ્ટ્રિક્ટ ચેસ એસોસિએશન ના સંયુક્ત આયોજન હેઠળ ઓપન ગુજરાત રેપિડ ચેસ ચેમ્પિયનશિપ - ૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા રવિવાર, ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ મલ્ટી પર્પઝ ઈન્ડોર હોલ, રૂડા નગર-૨, સદગુરુ નગર, રાજકોટ ખાતે યોજાશે.

આ ટૂર્નામેન્ટ છેલ્લા ચાર વર્ષથી સતત સફળતાપૂર્વક યોજાઈ રહી છે અને ગુજરાતભરના પ્રતિભાશાળી ચેસ ખેલાડીઓ માટે એક મહત્વપૂર્ણ મંચ બની છે. આ વર્ષે પણ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી ખેલાડીઓ મોટી સંખ્યામાં ભાગ લે તેવી અપેક્ષા છે.સ્પર્ધામાં ઓપન ગુજરાત રેપિડ ચેસ ટૂર્નામેન્ટ ઉપરાંત અંડર-૭, અંડર-૯ અને અંડર-૧૫ (ઓપન તથા ગર્લ્સ) વર્ગ માટે રાજકોટ જિલ્લાની પસંદગી સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લા પસંદગીમાં વિજેતા ખેલાડીઓ રાજ્ય કક્ષાની સ્પર્ધામાં રાજકોટ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.ટૂર્નામેન્ટમાં કુલ રૂ?૧,૦૦૦/-ની ઈનામ રકમ, આકર્ષક ટ્રોફી તેમજ તમામ ભાગ લેનાર ખેલાડીઓને પ્રમાણપત્ર આપવામાં આવશે..ગુજરાતના તમામ ચેસપ્રેમી ખેલાડીઓને આ સ્પર્ધામાં ભાગ લેવા માટે આમંત્રણ આપવામાં આવે છે. તેમ રોટરી કલબ ઓફ રાજકોટ પ્રાઈમ સી.એ.પરીન પટેલ ઈવેન્ટ ચેરમેન પૂર્વ પ્રમુખે જણાવ્યું છે.

# રાજકોટ શહેર હોદ્દેદારો સાથે શુભેચ્છા મુલાકાત કરતાં પ્રદેશ મીડીયા ઈન્ચાર્જ પ્રશાંતભાઈ વાળા




રાજકોટ,
ગુજરાત પ્રદેશ ભાજપના મીડિયા સેલના કન્વીનર તરીકે નિમણૂક પ્રાપ્ત થયા બાદ પ્રથમવાર રાજકોટ શહેર ભાજપના કાર્યાલય ખાતે પધારેલા પ્રશાંતભાઈ વાળાનું હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું.રાજકોટ શહેર કમલમ કાર્યાલય ખાતે રાજકોટ શહેરના હોદ્દેદારો સાથે શુભેચ્છા મુલાકાત લીધી હતી.

આ તકે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે, ગુજરાત પ્રદેશ ભાજપના નવનિયુક્ત કારોબારી સભ્ય તથા ગુજરાત રાજ્ય પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના પૂર્વ વાઈસ ચેરમેન રાજુભાઈ ધ્રુવ, પૂર્વ સાંસદ મોહનભાઈ કુંડારીયા, મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, વિરેન્દ્રસિંહ ઝાલા સહિતનાઓએ બુકે, બુક અને ખેસથી સન્માન કરવામાં આવેલ હતું.

# શનિવારે રાજકોટમાં તળપદા કોળી પટેલ યુવા મંચ દ્વારા સમૂહ લગ્નોત્સવ યોજાશે

રાજકોટ,
તળપદા કોળી પટેલ યુવા મંચ દ્વારા તા.૨૪ ને શનિવારના રોજ ૨૫ દિકરીઓના સમૂહ લગ્નોત્સવ, મહારકતદાન કેમ્પ અને સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન આજી ડેમ ચોકડી, આજી ડેમ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવનાર છે.

તળપદા કોળી પટેલ યુવા મંચ દ્વારા આયોજીત ૨૫ દિકરીઓના ૩૯ માં સમૂહ લગ્નમાં વાલજી ભગત, મોહન ભગત, આર્યન ભગત સહિતના સંતો-મહંતો હાજર રહી નવદંપતિને આશિર્વચન પાઠવશે. જેમાં સવારે ૭ કલાકે જાનઆગમન, ૧૦:૪૫ કલાકે હસ્ત મેળાપ તથા બપોરે ૧:૩૦ કલાકે જાન વિદાય સહિતના માંગલીક પ્રસંગોની વિધી તળપદા કોળી સમાજના ગોર લલીતભાઈ પાઠક દ્વારા કરાવવામાં આવશે. આ સમૂહ લગ્નમાં દિકરીઓને કરીયાવર પેટે ૧૫૧ કરતાં વધારે વસ્તુઓ આપવામાં આવશે.

આ પ્રસંગે રાજકોટ સાંસદ પરસોતમભાઈ રૂપાલા, કેબીનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, રાજયકક્ષાના મંત્રી પરસોતમભાઈ સોલંકી સહિતના રાજકીય અગ્રણીઓ હાજર રહેશે. આ સમૂહ લગ્નમાં આશરે અંદાજે ૧૦ હજારથી વધુ લોકો ભોજન પ્રસાદ ગ્રહણ કરશે. આ આયોજનને સફળ બનાવવા માટે તળપદા કોળી પટેલ યુવા મંચના આયોજકો તેમજ સમાજના આગેવાનો દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

# ૮ અને ૧૫ માર્ચની ઓખા-ગોરખપુર એક્સપ્રેસ આંશિક રીતે બદલાયેલા રૂટ પર દોડશે



રાજકોટ,
ઉત્તર પૂર્વ રેલવેમાં ગોંડા-બુઢવલ સેક્શનમાં નોન-ઈન્ટરલોકિંગ કામગીરીના કારણે રાજકોટ ડિવિઝન પરથી પસાર થતી ઓખા-ગોરખપુર સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેન આંશિક રીતે બદલાયેલા માર્ગ પર દોડશે.

૮ અને ૧૫ માર્ચ, ૨૦૨૬ ના રોજ ઓખાથી ઉપડનારી ટ્રેન સંખ્યા ૧૫૦૪૬ ઓખા-ગોરખપુર એક્સપ્રેસ તેના નિર્ધારિત માર્ગ વાયા બારાબંકી-ગોંડા-મનકાપુરના બદલે આંશિક રીતે પરિવર્તિત માર્ગ વાયા બારાબંકી-અયોધ્યા કેન્ટા-મનકાપુર થઈને ચાલશે. આ ફેરફારને કારણે ટ્રેન જે સ્ટેશન પર નહીં જાય તેમાં ગોંડા સ્ટેશનનો સમાવેશ થાય છે.

રેલ મુસાફરોને વિનંતી છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને પોતાની મુસાફરીનું આયોજન કરે અને ટ્રેનોના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સ માટે વેબસાઈટની મુલાકાત લે જેથી કોઈ પણ પ્રકારની અસુવિધા ન થાય

# લિમ્કા બુક ઓફ રેકોર્ડસમાં ઐતિહાસિક હેટ્રીક સર્જતા સૌરાષ્ટ્રના જાણીતા ઈએનટી સર્જન ડો. હિમાંશુ ઠક્કર





રાજકોટ, રાજકોટના પ્રખ્યાત ઈએનટી સર્જન ડો. હિમાંશુ જગદીશચંદ્ર ઠક્કરએ લિમ્કા બુક ઑફ રેકોર્ડ્સમાં ત્રણ રેકોર્ડ નોંધાવી ઐતિહાસિક હેટ્રીક સર્જી છે. ડો. હિમાંશુ ઠક્કર ભારતના બહુ જ ઓછા એવા ડોક્ટરોમાં સામેલ છે, જેમણે લિમ્કા બુક ઑફ રેકોર્ડ્સમાં ત્રણ અલગ-અલગ રેકોર્ડ નોંધાવ્યા છે, જે એક દુર્લભ સિદ્ધિ છે.આ સિદ્ધિ રાજકોટ શહેર જ નહીં સમગ્ર ગુજરાત માટે ગૌરવની બાબત છે.

લિમ્કા બુક ઑફ રેકોર્ડ્સ ૨૦૨૬ના મેડિકલ માર્વેલ્સ વિભાગમાં તેમણે બે મહત્વપૂર્ણ રેકોર્ડ સ્થાપિત કર્યા. પ્રથમ રેકોર્ડમાં રાજકોટના ૪૭ વર્ષીય દર્દીની નાકમાંથી ૧૦ સેમી ● ૩.૫ સેમી ● ૧ સેમી માપનો સૌથી મોટો નેઝલ પોલિપ એન્ડોસ્કોપિક પદ્ધતિથી સફળતાપૂર્વક દૂર કર્યો.

બીજો રેકોર્ડ શ્વાસનળીમાં ફસાયેલ સૌથી મોટું કીંશ્નિહ ર્હ્નદ્બંઅ દૂર કરવાનો હતો. આ ૨ સેમી ● ૧ સેમી માપનું ચીકુનું બીજ હતું, જે ૫૫ વર્ષીય મહિલા દર્દીની શ્વાસનળીમાં લગભગ બે મહિના સુધી ફસાયેલું હતું. આ પહેલા, લિમ્કા બુક ઑફ રેકોર્ડ્સ ૨૦૨૫માં ડો. ઠક્કરને રાજકોટના ૫૫ વર્ષીય પુરૂષ દર્દીની નાકમાંથી ૮ સેમી ● ૨.૫ સેમી માપનો વિશાળ નેઝલ પોલિપ સંપૂર્ણ એન્ડોસ્કોપિક સર્જરી દ્વારા કોઈપણ જટિલતા વગર દૂર કરવા બદલ રેકોર્ડ પ્રાપ્ત થયો હતો.

તે ઉપરાંત, વર્ષ ૨૦૨૩માં ડો. હિમાંશુ ઠક્કરે ઈન્ડિયા બુક ઑફ રેકોર્ડ્સમાં પણ રેકોર્ડ રચ્યો હતો. તેમણે ૧૦ વર્ષના બાળકની શ્વાસનળીમાંથી પ્લાસ્ટિકની સીટી (વિસલ) એન્ડોસ્કોપિક પદ્ધતિથી દૂર કરી, જે છેલ્લા ૭ વર્ષથી ફસાયેલ હતી. આ બાળક મટાણા ગામ, સુત્રાપાડા તાલુકાનો રહેવાસી હતો.

તમામ સર્જરીઓ આધુનિક એન્ડોસ્કોપિક ટેક્નિકથી, કોઈપણ જટિલતા વગર સફળતાપૂર્વક કરવામાં આવી, જે ડો. ઠક્કરની અદભૂત સર્જિકલ કુશળતા અને અનુભવને પ્રગટ કરે છે. ડો. ઠક્કરના જણાવ્યા પ્રમાણે, રેકોર્ડની હેટ્રીક સર્જવી તેમના માટે ખૂબ જ સન્માન અને ગૌરવની બાબત છે.

# એક્સિસ મ્યુચ્યુઅલ ફંડે એક્સિસ બીએસઈ ઈન્ડિયા સેક્ટર લીડર્સ ઈન્ડેક્સ ફંડ રજૂ કર્યું

## બીએસઈ ઈન્ડિયા સેક્ટર લીડર્સ ટીઆરઆઈને ટ્રેક કરતું ઓપન એન્ડેડ ઈન્ડેક્સ ફંડ

મુંબઈ,
ભારતની અગ્રણી એસેટ મેનેજમેન્ટ કંપનીઓમાંની એક એક્સિસ મ્યુચ્યુઅલ ફંડે પોતાની નવી ફંડ ઓફરિંગ 'એક્સિસ બીએસઈ ઈન્ડિયા સેક્ટર લીડર્સ ઈન્ડેક્સ ફંડ' લોન્ચ કરી છે. આ એક ઓપન-એન્ડેડ ઈન્ડેક્સ ફંડ છે, જે બીએસઈ ઈન્ડિયા સેક્ટર લીડર્સ ઈન્ડેક્સમાં રહેલીકંપનીઓમાં રોકાણ કરે છે. આ ન્યૂ ફંડ ઓફર (એનએફઓ) ૨૩ જાન્યુઆરી, ૨૦૨૬થી સબ્સ્ક્રીપ્શન માટે ખુલ્લો રહેશે અને ૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ બંધ થશે. આ ફંડનું સંચાલન ફંડ મેનેજર શ્રી કાર્તિક કુમાર કરશે. ફંડમાં ન્યૂનતમ રોકાણ રકમ માત્ર રૂ. ૧૦૦ રાખવામાં આવી છે. આ ફંડનો હેતુ રોકાણકારોને લાંબા ગાળે સંપત્તિ સર્જન માટે એક વિશ્વસનીય અને સરળ ઉકેલ આપવાનો છે. ફંડના લોન્ચ વિશે એક્સિસ એએમસીના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ શ્રી બી. ગોપકુમારે જણાવ્યું હતું કે, "જેમ જેમ બજારો બદલાઈ રહ્યા છે, તેમ તેમ રોકાણકારો નવીન અને સમજદાર રોકાણ વિકલ્પો ઈચ્છી રહ્યા છે. એક્સિસ મ્યુચ્યુઅલ ફંડમાં અમે માનીએ છીએ કે જે કંપનીઓ પોતાના ક્ષેત્રમાં અગ્રણી હોય છે, તે સામાન્ય રીતે મજબૂત પાયો અને મુશ્કેલ પરિસ્થિતિમાં ટકી રહેવાની ક્ષમતા દર્શાવે છે.આ અંગે એક્સિસ એએમસીના ચીફ ઈન્વેસ્ટમેન્ટ ઓફિસર શ્રી આશિષ ગુપ્તાએ જણાવ્યું હતું કે, "એક્સિસ બીએસઈ ઈન્ડિયા સેક્ટર લીડર્સ ઈન્ડેક્સ ફંડની પદ્ધતિ એવી રીતે તૈયાર કરવામાં આવી છે કે તે ભારતીય બજારના વિશાળ પરિપ્રેક્ષ્યમાં રહેલી કંપનીઓને આવરી લે છે. દરેક ક્ષેત્રમાંથી અગ્રણી કંપનીઓને વ્યવસ્થિત રીતે પસંદ કરીને, આ ફંડ પારદર્શક અને નિયમ આધારિત પેસિવ રોકાણ પદ્ધતિ દ્વારા રોકાણકારોને સ્થિર અને વૈવિધ્યસભર બિઝનેસમાં ભાગીદારી કરવાની તક આપે છે."

# રાજકોટ સંત કબીર રોડ ન્યુ મહેશનગરમાંથી યુવાન લાપતા : શોધખોળ

રાજકોટ, રાજકોટના સંત કબીર રોડ સિતારામ નગર મેઈન રોડ ન્યુ મહેશનગરમાં રહેતો યુવાન ગત તા. ૧૭ના રોજ યાજ્ઞીક રોડ ઝુડીયો શોરૂમ પાસે હતો. ત્યાર બાદ તે ઘરે પરત ન આવતા તેના મોટા ભાઈએ એ ડીવીઝ પોલીસ મથકમાં ગુમની નોંધ કરાવી છે.

મળતી વિગત મુજબ રાજકોટના સંત કબીર રોડ પર સિતારામનગર મેઈન રોડ પર આવેલા ન્યુ મહેશનગરમાં શેરી નં. ૨ માં રહેતા હિરેનભાઇ મનોજભાઇ બદ્રખીયા (ઉ.વ.૩૩) ગત તા. ૧૭ના રોજ પોતાના ઘરેથી નીકળી યાજ્ઞીક રોડ પર ઝુડીયાનો શો રૂમ નજીક ગયા હતા. ત્યાથી તે પરત ઘરે ન આવતા તેના પરિવારજનોએ તેની શોધખોળ હાથ ધરી હતી. પરંતુ તેનો કોઇ પતો ન લાગતા તેના મોટાભાઇ દિપભાઇ બદ્રખીયાએ એ. ડીવીઝન પોલીસ મથકમાં જાણ કરતા પોલીસ ગુમની નોંધ કરી એએસઆઇ બી.વી.ગોહીલે તપાસ હાથ ધરી છે. પોલીસની તપાસમાં યુવાન હિરેનભાઇને જુગાર રમવાની ટેવ હોવાથી તે ઘરેથી રોકડ રકમ લઇને નીકળી ગયા હોવાનું જાણવા મળ્યું છે. જે કોઇને આ યુવાન જોવા મળે તો એ ડીવીઝન પોલીસ સ્ટેશન ફોન નંબર ૬૩૫૯૬ ૨૭૪૩૬ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

# રાજકોટના વોર્ડ નં.૧૮માં ડામર કામનું ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાના હસ્તે ખાતમુહુર્ત



રાજકોટ,રાજકોટ મહાનગર પાલિકા દ્વારા વોર્ડ નં.૧૮માં બોલબાલા ૮૦ ફુટ રોડ ડામર કામનો શુભારંભ વિધાનસભા-૭૦ના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા દ્વારા કરવામાં આવ્યો.

આ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં વિધાનસભા-૭૦ના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, કોર્પોરેટર સંજયસિંહ રાણા, સંદીપભાઈ ગાજીપરા, દક્ષાબેન વાઘેલા, ભારતીબેન પરસાણા, પ્રમુખ અનિલભાઈ દોંગા, મહામંત્રી મુન્નાભાઈ જોગરાણા, યોગેન્દ્રસિંહ રાણા, કાળુભાઈ સરપંચ, નટુભાઈ વાઘેલા, હિમાંશુભાઈ રાજયગુરૂ, પંકજભાઈ દોંગા, નિલેશભાઈ મુંગરા, દિપકભાઈ ટાંક, મહેશભાઈ આસોદરીયા, નિલેશભાઈ ગજેરા, દિનેશભાઈ કિડીયા, અનિલભાઈ જોષી, જયેશભાઈ લાઠીયા, રાજુભાઈ ફળદુ, સોનલબેન સોમૈયા, ભારતીબેન ગજેરા તેમજ વિસ્તારવાસીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# રાજકોટની ધો.૯ની કિશોરી સાથે સ્કૂલ વાનમાં જ ચાલકે દુષ્કર્મ કર્યું

## સ્કૂલથી છૂટેલી વિદ્યાર્થિનીને વાનમાં બેસાડી અવાવરૂ જગ્યાએ લઈ ગયો, કુકર્મ કરી કોઈને વાત ન કરવા ધમકાવી

રાજકોટ:

રાજકોટ શહેરમાં ફરી એક વખત સ્કૂલવાનચાલકની બીભત્સ હરકત સામે આવી છે. માલવિયાનગર વિસ્તારમાં ધોરણ-૯માં અભ્યાસ કરતી ૧૪ વર્ષીય કિશોરી સાથે સ્કૂલવાનમાં જ મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચરનાર ચાલક રમેશ કાનાભાઈ ખરાની પોલીસે ધરપકડ કરી છે. પોક્સો એક્ટની કલમો હેઠળ ગુનો નોંધીને આરોપીને મેડિકલ ચેકઅપ અર્થે ખસેડવામાં આવ્યો છે અને પંચનામું સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જો તમારું બાળક સ્કૂલવાનમાં સ્કૂલમાં જાય છે તો તેના પર પૂરતી નજર રાખજો. આજે રાજકોટમાં દુષ્કર્મનો એક કિસ્સો સામે આવ્યો છે, જેના કારણે માતા-પિતા પોતાનાં બાળકોને સ્કૂલવાનમાં મોકલતાં પણ






ડરશે. ધો.૯ની કિશોરી પર તેને સ્કૂલે લઈ જતા સ્કૂલવાનચાલકે જ દુષ્કર્મ ગુજાર્યું હોવાનો કિસ્સો સામે આવ્યો છે. ફક્ત આટલું જ નહીં, વાનચાલકે દુષ્કર્મ ગુજારી વિદ્યાર્થિનીને ધમકાવી કે જો તે કોઈને આ અંગે જાણ કરશે તો તે તેને છોડશે નહીં.પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે રમેશ ખરા પાળ ગામમાં રહે છે અને છેલ્લા એકાદ વર્ષથી તેની વાનમાં સ્કૂલે આવતી-જતી આ વિદ્યાર્થિનીનો ફોનનંબર મેળવીને વ્હોટ્સએપ કોલ અને મેસેજ દ્વારા સંપર્ક જાળવી રાખતો હતો. બે દિવસ પહેલાં સ્કૂલથી છૂટીને વાનમાં બેસેલી વિદ્યાર્થિનીને અમીન માર્ગ નજીક અવાવરૂ જગ્યાએ લઈ જઈ વાનમાં જ દુષ્કર્મ આચર્યું હતું અને કોઈને જણાવવા નહીં દેવાની ધમકી આપી હતી.

બાળકીની હિંમત અને પરિવારની સમજણથી આ ઘટના બહાર આવી. અગાઉ પણ આરોપીએ તેની સાથે છેડછાડ કરી હતી અને ધમકી આપી હતી, જેના કારણે કિશોરી ઉદાસ રહેતી હતી. પરિવારજનોએ સમજાવી પૂછપરછ કરતાં હકીકત જાણી પોલીસ સ્ટેશન પહોંચ્યા અને ફરિયાદ નોંધાવી હતી.આરોપી પાસેથી પોલીસે સ્કૂલવાન કબજે કરી છે, જેની પાછળ લખેલું છે – "વફાદારી ખૂબ કીમતી છે, જે દરેક માણસને પરવડે તેમ નથી". આરોપીના ઘરમાં ૧૨ વર્ષની પુત્રી હોવાનું અને અન્ય સ્ત્રી સાથે અફેર હોવાનું પણ સામે આવ્યું છે. તેની વાનમાં અન્ય ઘણી વિદ્યાર્થિનીઓ આવતી હતી, જેથી શું તેણે અન્ય કોઈ કિશોરી સાથે પણ આવી બીભત્સ હરકત કરી છે કે કેમ એની પણ ઊંડી તપાસ ચાલુ છે.


# વિંછીયામાં ૫૦ વર્ષના સ્કૂલબસ ડ્રાઈવરે ૫ વર્ષની બાળકી પર બે વાર દુષ્કર્મ આચર્યું

## નરાધમે ૮ દિવસના ગાળામાં બે વાર બાળકીને પોતાની હવસનો શિકાર બનાવી

રાજકોટ:

રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના આટકોટ નજીક ૭ વર્ષની માસુમ બાળકી પર દુષ્કર્મની ઘટના બાદ રાજકોટ ફરી શર્મસાર થયું છે. હવે વિંછીયામાં ૫૦ વર્ષના સ્કૂલબસ ડ્રાઈવરે ૫ વર્ષની બાળકીને બે-બે વાર પીંખીને દુષ્કર્મ આચર્યું છે. બાળકીના માતાપિતાની ફરિયાદ બાદ પોલીસે હવસખોર સ્કૂલબસ ડ્રાઈવરની ધરપકડ કરી છે.વિંછીયા તાલુકાના એક ગામમાં સ્કૂલ બસના ડ્રાઈવરે પાંચ વર્ષની બાળકી પર દુષ્કર્મ આચર્યું હોવાની ઘટના સામે આવી છે. બાળકીના માતા-પિતાએ વિંછીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીની ધરપકડ કરી છે. આ ઘટના ૧૩ જાન્યુઆરી,






૨૦૨૬ અને ૨૦ જાન્યુઆરી, ૨૦૨૬ એમ બે અલગ-અલગ પ્રસંગે બની હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. એટલે કે આ નરાધમે ૮ દિવસના ગાળામાં બે વાર બાળકીને પોતાની હવસનો શિકાર બનાવી છે.ફરિયાદ મુજબ વિંછીયા તાલુકાના એક ગામમાં પ્રાઈમરી સ્કૂલમાં બાલવાટિકા વિભાગમાં અભ્યાસ કરતી આ બાળકી પર ૫૦ વર્ષની ઉંમરના સ્કૂલબસ ડ્રાઈવર કાળુભાઈ નાગજીભાઈ ચાવે સ્કૂલેથી ઘરે મૂકવા જતી વખતે રસ્તામાં વાડી વિસ્તારમાં લઈ જઈને બે-બે વાર દુષ્કર્મ આચર્યું હતું.

બાળકીની નાની ઉંમરને કારણે તેને શું થઈ રહ્યું છે તેની પૂરી સમજ નહોતી. જોકે, તે સ્કૂલે જવાનું ટાળવા લાગી અને રડવા માંડી, ત્યારે તેના માતા-પિતાને શંકા ગઈ. માતા-પિતાએ બાળકીને ચોકલેટ આપીને પ્રેમથી પૂછપરછ કરતાં તેણે પોતાની ભાષામાં સ્કૂલબસના ડ્રાઈવર દ્વારા કરાયેલા કૃત્ય વિશે જણાવ્યું હતું. આથી બાળકીના માતા-પિતાએ તાત્કાલિક વિંછીયા પોલીસ મથકે આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે ફરિયાદના આધારે આરોપી કાળુભાઈ નાગજીભાઈ ચાવની ધરપકડ કરી છે. પોલીસ પૂછપરછ દરમિયાન આરોપીએ ગુનાની કબૂલાત કરી હોવાનું પણ સામે આવ્યું છે. હાલ આરોપીના રિમાન્ડની માંગણી નામદાર કોર્ટમાં કરવામાં આવશે અને તે અગાઉ આવા કોઈ કૃત્યમાં સંકળાયેલ છે કે કેમ તે અંગે પણ તપાસ હાથ ધરવામાં આવશે.

# ઝવેરી બજારમાં ફફડાટ : પ્રયોશા જ્વેલર્સમાં ઈન્કમટેક્સ ત્રાટક્યું,મોડી રાત સુધી તપાસ

રાજકોટ:નાણાંકીય વર્ષની સમાપ્તિને આડે સવા બે મહિના બાકી રહ્યા છે અને અઠવાડિયા બાદ નવા નાણાંકીય વર્ષનું બજેટ રજુ થવાનું છે તે પૂર્વે ટેક્સ વસુલાતનો ટાર્ગેટ પૂર્ણ કરવા માટે આવકવેરા વિભાગે શ સજાવ્યા હોય તેમ રાજકોટમાં જાણીતા પ્રયોશા જ્વેલર્સમાં ત્રાટક્યું હતું. મોડી રાત સુધી ચાલેલી તપાસમાં હિસાબી ચકાસણી કરવા સાથે શંકાસ્પદ દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા હતા. આવકવેરા વિભાગે ટેક્સ ટાર્ગેટ પૂર્ણ કરવા હવે અંતિમ બે મહિનાઓમાં બીડુ ઝડપ્યું હોય તેમ અમદાવાદમાં બે બિલ્ડરો પર દરોડા કાર્યવાહી હાથ ધરવામાં આવ્યા પછી હવે રાજકોટમાં જાણીતા જ્વેલર્સને નિશાન બનાવવામાં આવ્યું




હતું.શહેરના કાલાવડ રોડ, પેલેસ રોડ જેવા વિસ્તારોમાં શો રુમ ધરાવતા પ્રયોશા જ્વેલર્સ ગઈકાલે બપોરે આવકવેરાના અધિકારીઓની ટીમો ત્રાટકી હતી અને વિવિધ હિસાબી અને સાહિત્યની ચકાસણી કરવામાં આવી હતી. મોડી રાત સુધી તપાસ ચાલી હોવાના નિર્દેશ છે. સોના-ચાંદીના ભાવોમાં છેલ્લા કેટલાક વખતથી અભૂતપૂર્વ વધારો થયો છે અને તેને કારણે ઘરાકીમાં મોટો ફટકો છે. જો કે ભાવવધારાના કારણે જ્વેલર્સો પાસેના સ્ટોકની કિંમતમાં અનેકગણો વધારો થઈ ગયો છે.તેવા સમયે આવકવેરા વિભાગે જ્વેલર્સને નિશાન બનાવતા સમગ્ર જ્વેલરી ઉદ્યોગમાં ફફડાટ સર્જાયો છે. આવનારા દિવસોમાં આવકવેરા વિભાગ વધુ કેટલાક જ્વેલર્સોને નિશાન બનાવે તેવી આશંકાના કારણે ગભરાટનો માહોલ સર્જાયો હતો.

# અમિત, વિજયની મિલકતો અંગે રજિસ્ટ્રાર કચેરી પાસેથી માહિતી માગતી ક્રાઈમ બ્રાન્ચ

## હજુ રોકાણકારો ૭૦ અને ઠગાઈની રકમ ૭૦ કરોડથી પાર!

રાજકોટ:

ઘણા વર્ષોથી રાજકોટ શહેરમાં નમકીનના ધંધામાં સંકળાયેલા વડાલિયા પરિવારને ઊંચા વળતરની લાલચ આપી રૂ.૧૦.૯૮ કરોડની ઠગાઈના કેસમાં પકડાયેલા આરોપી અમિત ભાણવડિયાના પાંચ દિવસના રિમાન્ડ પૂરા થતાં ક્રાઈમ બ્રાંચે કોર્ટમાં રજૂ કરી વધુ બે દિવસના રિમાન્ડ મેળવ્યા છે. ક્રાઈમ બ્રાંચમાં અમિત ભાણવડિયા ઉપરાંત તેના ભાગીદાર વિજય માકડિયા સામે ફરિયાદ નોંધાઈ હતી. જોકે વિજય ભાગી ગયો છે.પોલીસે બંને આરોપીઓએ કરોડો રૂપિયાની ઠગાઈની રકમનું શું કર્યું તે વિશે હજુ સુધી ક્રાઈમ બ્રાંચને કોઈ સ્પષ્ટ જાણકારી મળી નથી. આ અમિત ભાણવડિયાએ રિઅલ એસ્ટેટ અને ફાઈનાન્સના ધંધામાં જૂના ડિપોઝિટરને વ્યાજ ચૂકવવા જતાં નવા ડિપોઝિટરનું વ્યાજ બાકી રહી જતું હોય જેથી ધંધામાં ખોટ જતા પોતે આર્થિક ભીસમાં આવી ગયાનું પોલીસ સમક્ષ રટણ કર્યું હતું.આ મામલે તપાસનીશ પીઆઈ જાદવના જણાવ્યા મુજબ, આરોપી અમિતે ઠગાઈની રકમમાંથી રૂ.૩થી ૪ કરોડ પોતે જુગારમાં હારી ગયાનું ક્રાઈમ બ્રાંચ સમક્ષ કબૂલ્યું છે. ઉપરાંત ફરાર આરોપી વિજય માંકડિયા પણ જુગાર રમતો જેમાં તે પણ રૂપિયા બેથી ત્રણ કરોડ હારી ગયો છે. તેવી માહિતી પણ ક્રાઈમ બ્રાંચની ટીમને મળી છે.અત્યાર સુધીમાં ક્રાઈમ બ્રાંચનો ૭૦ જેટલા ભોગ બનેલા રોકાણકારોએ સંપર્ક કર્યો છે. જેમની સાથે થયેલી ઠગાઈનો આંક અંદાજે રૂ.૭૦ કરોડ આસપાસ છે. આ અંક હજુ પણ વધશે તેવો પોલીસને અનુમાન છે. પોલીસે ઠગાઈનો ભોગ બનનાર લોકોને ક્રાઈમ બ્રાંચે અરજી આપી જવા જણાવ્યું છે. પોલીસે ઠગાઈની રકમ રિકવર કરવા આરોપી અમિત અને તેના પરિવારના સભ્યો વગેરેની પૂછપરછ હાથ ધરી છે. આ ઉપરાંત તેની અને પરિવારના નામની મિલકતો અંગે મહેસૂલ વિભાગ પાસેથી માહિતી મગાવી છે.

# પ્રથમ પ્રેમીની પરિણીતાને બીજા પ્રેમી સાથે વાત કરવા મુદ્દે ધમકી

રાજકોટ:શહેરના રૈયાધાર વિસ્તારમાં પતિ સંતાનોથી અલગ રહેતી બે સંતાનની માતાને આઠ વર્ષ જૂના પ્રેમી અને હાલના પ્રેમી સાથે બોલાચાલી થતાં આઠ વર્ષ જૂના પ્રેમીએ તું હાલના પ્રેમી સાથે બોલતી નહિ, મારી સાથે બોલવાનું બંધ કરતી નહિ તેમ કહી ફોન કરી મારી નાખવાની ધમકી આપી ગાળો દેતાં આ બનાવ અંગે યુનિવર્સિટી પોલીસે રૈયાધાર મચ્છુનગર ક્વાર્ટર સામે પાણીના ટાંકા નજીક રહેતાં રીનાબેન (ઉ.વ.૩૫) નામની મહિલાની ફરિયાદ પરથી મોટા વડા ગામના કાના મકવાણા વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. આ મહિલાએ રાતે યુનિવર્સિટી પોલીસ સ્ટેશન પાસે જઈ ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો અને ફરિયાદ નહિ લેવામાં આવે તો પોતે સળગી જશે તેવું કહ્યું હતું. આ ઘટનાનો વીડિયો પણ ફરતો થયો હતો.મહિલાએ ફરિયાદમાં જણાવ્યું છે કે, આઠ વર્ષ પહેલાં તેણીને પતિ સાથે ભારે માથાકૂટ થતાં તે ઘરેથી નીકળી જતા એસટી બસ સ્ટેન્ડ પાસે કાના મકવાણા સાથે ઓળખાણ થઈ હતી અને પ્રેમસંબંધ થતા બંને સાથે રહેવા લાગ્યા હતા. ત્યારબાદ તેણીને બે વર્ષ પહેલાં હાર્દિક અશોકભાઈ જોશી સાથે મિત્રતા થઈ અને પ્રેમસંબંધ થયેલ આ બાબતની જાણ કાના મકવાણાને થઈ ગઈ હતી.જે બાદ કાના મકવાણાને પોતે હાર્દિક જોશી સાથે વાતચીત કરતી હોય તે ન ગમતા ત્રણેય વચ્ચે બોલાચાલી થઈ હતી. આ કાનાએ તેણીને ફોન કરી હાર્દિક સાથે બોલવાની ના પાડી તેમજ તેની સાથે વાત બંધ કરશે તો જાનથી મારી નાખશે તેમ કહી ધમકી દીધી હતી. પોલીસે આ બનાવ અંગે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે.

# જાહેરમાં વરલી ફીચરના આંકડા લેતો શ્યામ ગોહેલ ઝડપાયો

રાજકોટ:ભવાનીનગરમાં જાહેરમાં વરલી ફીચરના આંકડા લેતા શ્યામ ગોહેલ નામના શખ્સને પીસીબીની ટીમે પકડી પાડી કાર્યવાહી કરી હતી. જ્યારે બુકી ઈમરાન સમાની શોધખોળ હાથ ધરી છે.દરોડાની વિગત મુજબ પીસીબી પીઆઈ એમ.આર. ગોંડલીયાની રાહબરીમાં પીઆઈ એમ.જે.હુણ ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ વિજય મેતા અને કોન્સ્ટેબલ યુવરાજસિંહ રાણાને મળેલ ચોકક્સ બાતમીના આધારે રામનાથપરા પાસે ભવાનીનગર શેરી નં.૩માં ઈમામ ખાનાવાળી શેરીમાં જાહેરમાં વરલી ફીચરના આંકડા લેતા શ્યામ રતિલાલ ગોહેલ (ઉ.વ.૫૧, રહે. ભવાનીનગર શેરી નં.૩)ને પકડી પાડી રોકડ અને મોબાઈલ ફોન સહિત રૂા. ૪૫૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.વધુમાં પોલીસ સુત્રોએ જણાવેલ હતું કે પકડાયેલ શખ્સ હાથીખાનાના ઈમરાન જાહીદ સમા નામના શખ્સ પાસે વરલી ફીચરના આંકડા લખાવતો હોવાનું ખુલતા પીસીબીની ટીમે તેની શોધખોળ યથાવત રાખી છે.

# રેલનગરમાં હાર્ટ એટેકથી ૩૫ વર્ષીય યુવકનું મોત

## જાગનાથ પ્લોટમાં પ્રૌઢ ઉલ્ટી થયા બાદ ઢળી પડ્યા, સિવિલમાં દમ તોડ્યો

રાજકોટ:

રેલનગરમાં હાર્ટ એટેકથી ૩૫ વર્ષીય યુવકનું મોત નીપજ્યું હતું. જયદીપ રણજીતભાઈ સિંધવ (ઉંમર વર્ષ ૩૫, રહે. મેરી ગોલ્ડ હાઈટ્સ, અતિથિ હોટલ સામે, રેલનગર હાઈવે રોડ પાસે) ગઈકાલે બપોરે અઢી વાગ્યાં આસપાસ પોતાના ઘરે હતા ત્યારે અચાનક શ્વાસ ચડતા બેભાન થઈ જતા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં લાવતા ડોક્ટરે મૃત જાહેર કરેલ. પોલીસે મૃતદેહ પીએમ માટે ખસેડ્યો હતો. જેમાં યુવકને હાર્ટ એટેક આવી ગયાનું ખુલ્યું હતું.

વધુ એક કીસ્સમાં રમાબેન કિરીટભાઈ મહેતા (ઉંમર વર્ષ ૫૬, રહે. લાખના બંગલા પાસે, ગાંધીગ્રામ) આજે સવારે ૪.૩૦ વાગ્યાં આસપાસ પોતાના ઘરે બેભાન થઈ જતા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. અહીં તેમનું મોત નીપજ્યું હતું. રમાબેનના પિતાનું નામ ગણેશ મુલીયાણા છે. રમાબેનને સંતાનમાં ૧ પુત્ર છે. બનાવથી પરિવારમાં શોક છવાયો હતો.

બીજા એક બનાવમાં રામબહાદુર પ્રતાપસિંહ લાંગા ડુંગરી (ઉંમર વર્ષ ૫૧, રહે. જાગનાથ પ્લોટ શેરી નંબર ૨) આજે સવારે ૧૦ વાગ્યા આસપાસ ઘરે ઉલટી થતા બેભાન થઈ ગયા હતા. તેને રાજકોટ સિવિલમાં લાવતા મૃત જાહેર કરાયેલ. હાર્ટ એટેકથી મૃત્યુ થયાનું અનુમાન છે. ચોક્કસ કારણ જાણવા મૃતદેહ પીએમ માટે ખસેડાયો હતો.

અન્ય એક બનાવમાં સ્મિતાબેન સંજયભાઈ ભટ્ટી (ઉંમર વર્ષ ૫૨, રહે. ચંદ્ર પાર્ક, બિગ બજાર પાસે, ૧૫૦ ફૂટ રીંગ રોડ) આજે સવારે ૬.૩૦ વાગ્યાં આસપાસ પોતાના નવા ઘરે નારાયણનગર રેસીડેન્સી, કણકોટ રોડ, વૃક્ષ મંદિર પાસે હતા ત્યારે બેભાન થઈ જતા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં લાવતા મૃત્યુ નીપજ્યું હતું. સ્મિતાબેનને સંતાનમાં ૨ દીકરી અને ૧ દીકરો છે. તેમના પતિ કારખાનું ચલાવે છે. સ્મિતાબેનને ૨ વર્ષથી કેન્સરની બીમારી હતી.

# મહિલાના મકાનમાંથી ૫૨૦ લીટર દેશી દારૂ ઝડપાયો

રાજકોટ:રામવન પાસે આવેલ મહિલાના મકાનમાં દેશી દારૂનો ધંધો કરતા ચેતન નામના શખ્સને પકડી પાડી ક્રાઈમ બ્રાંચની ટીમે ૫૨૦ લીટર દેશી દારૂ જપ્ત કરી કાર્યવાહી કરી હતી.દરોડાની વિગત મુજબ ક્રાઈમ બ્રાંચ પીઆઇ એમ.આર.ગોંડલીયા, એમ.એલ.ડામોર અને ચિરાગ જાદવની રાહબરીમાં એએસઆઇ સંજય દાફડા સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતા ત્યારે કોઠારીયા મેઈન રોડ પર આવેલ રામવનની સામે રેખાબેનના મકાનમાં ચેતન નામનો શખ્સ મોટા પ્રમાણમાં દેશી દારૂનો જથ્થો રાખી વેંચાણ કરે છે. તેવી મળેલી ચોકકસ બાતમીના આધારે ટીમે દરોડો પાડી મકાનમાંથી દેશી દારૂનો મોટો જથ્થો પકડી પાડયો હતો. ક્રાઈમ બ્રાંચની ટીમે આરોપી ચેતન બાબુ દેગામા (રહે. વેલનાથ જડેશ્વર સોસાયટી, ભગવતી મીલની બાજુમાં કોઠારીયા રોડ)ને પકડી પાડી ૫૨૦ લીટર દેશી દારૂ રૂા. ૧.૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# લોન લેવા બાબતે યુવકના વાળ પકડી ચાર શખ્સોનો હુમલો

## આવાને શું પૈસા આપો છો કહી યુવકને મારમાર્યો, બચાવવા વચ્ચે પડેલી પત્નીને પણ ફટકારી



રાજકોટ:અન્નક્ષેત્રની રીક્ષા ચલાવતો યુવક પાંચ હજારની લોન લેવા ગયો હતો ત્યારે શખસે "આવાને શું પૈસા આપો છો તેમ કહી યુવકને ગાળો ભાંડી હતી. બાદમાં આ શખસે અન્ય ત્રણને બોલાવી યુવાનના વાળ પકડી માર મારતા તેની પત્ની વચ્ચે પડતા તેને પણ લાતો મારી હતી. જે અંગે બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.બનાવ અંગે દસ વર્ષથી સાંઈબાબા ટ્રસ્ટમાં અન્નક્ષેત્રની રિક્ષા ચલાવતો અને મૂળ વિજયનગર અંજાર કચ્છ વતની અને હાલ રાધા મીર સેટેલાઈટ ચોકમાં ભાડાના મકાનમાં રહેતા દીપકભાઈ જીવણભાઈ રામાવત (ઉં વ ૩૫) એ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે લખન બાવાજી અને ત્રણ અજાણ્યા શખસોના નામ આપી જણાવ્યું હતું કે, ગઈકાલે સાંજના સાત વાગ્યા આસપાસ રઘુવીર પાનની સામે આવેલ રમઝાનભાઈની ઓફિસે પૈસા આપવા માટે ગયો હતો.જ્યાં રમઝાનભાઈને પાંચ હજાર લોન આપવાનું કહેતા ત્યાં બેઠેલા લખન બાવાજીએ કહ્યું કે,આવા ને શું પૈસા આપો છો તેમ કહી જેમ તેમ બોલવા લાગતા યુવક ત્યાંથી ચાલ્યો ગયો હતો. યુવાનની પત્ની સુમન માર્કેટમાં શાકભાજી લેવા ગઈ હતી જ્યાંથી પત્નીને લઈ સાંજે સાડા સાત વાગ્યા આસપાસ મોરબી જકાતનાકા ખોડીયાર માતાના મંદિર પાસેથી પસાર થતા હતા ત્યારે લખન બાવાજી અને તેની સાથે અન્ય ત્રણ શખસો મોટરસાયકલ પર આવી રીક્ષા ઉભી રખાવી ગાળો ભાંડી ઢીકાપાટુનો માર મારવા લાગ્યા હતા. આટલું જ નહી યુવકના માથાના વાળ ખેંચી પેટમાં લાતો મારી હતી.પતિને છોડાવવા પત્ની વચ્ચે પડતાં આ શખસોએ તેને પણ ડાબા હાથે લાતો મારી હતી. જે અંગે યુવાને લખન બાવાજી અને તેની સાથે આવેલા ત્રણ અજાણ્યા શખસો સામે બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. બનાવ અંગે પોલીસે તપાસ હાથ ધરી હતી.

# દારૂના ગુનામાં ૧૬ વર્ષથી ફરાર રાજસ્થાની શખ્સ ઝડપાયો

## ૨૦૦૯માં નોંધાયેલ દારૂના બે ગુનામાં ફરાર હતો : ક્રાઈમ બ્રાંચની કાર્યવાહી

રાજકોટ:દારૂના ગુનામાં ૧૬ વર્ષથી ફરાર રાજસ્થાની શખ્સને ક્રાઈમ બ્રાંચની ટીમે માધાપર ચોકડી પાસેથી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી. શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગડીયા અને ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવાએ નાસતા ફરતા આરોપીઓને પકડી કાયદેસરની કાર્યવાહી કરવાની આપેલ સૂચનાથી ક્રાઈમ બ્રાંચ પીઆઇ એમ.આર. ગોંડલીયા,



એ.એલ.ડામોર અને ચિરાગ જાદવની રાહબરીમાં પીએસઆઇ ડી.પી.ઝાલાની ટીમે દારૂના અલગ અલગ ગુનામાં છેલ્લા ૧૬ વર્ષથી ફરાર ઉમેદસિંગ જુવાનસિંગ રાઠોડ (ઉ.વ.૪૮, રહે. પાલી, રાજસ્થાન)ને પકડી પાડી કાર્યવાહી કરી હતી. ઉલ્લેખનીય છે કે પકડાયેલા આરોપી વિરૂધ્ધ થોરાળા પોલીસ મથકમાં જ દારૂના અલગ અલગ બે ગુના વર્ષ ૨૦૦૯માં નોંધાયેલ હતા જે બાદ તે ફરાર થઈ ગયેલ હતો.

# જમીન રોકાણ કરાવી શખ્સે નિવૃત્ત સરકારી કર્મીની રકમ ઓળવી લીધી

રાજકોટ:રાજકોટના નાનામવા મેઈન રોડ નેહરુનગર સોસાયટી શેરી નં.૯માં રહેતા કરશનભાઈ રૈયાભાઈ પરસાણા (ઉં.વ.૬૩) દ્વારા નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે વિજયભાઈ ભગવાનજીભાઈ મુંગરાનું નામ આપ્યું હતું. કરશનભાઈએ ફરિયાદમાં જણાવ્યું છે કે, નિવૃત્ત સરકારી કર્મચારી છે.કરશનભાઈને ખેતીની જમીનમાં રોકાણ કરી જમીનનો દસ્તાવેજ વિજયભાઈ મુંગરા તથા કરશનભાઈના સાઢુભાઈ વલ્લભભાઈ ભગવાનજીભાઈ પાનસુરિયાના નામે સંયુક્ત ભાગીદારીમાં દસ્તાવેજ કરવાનું કહી વિજયભાઈને જમીનમાં રોકાણ કરવા કરશનભાઈએ ચેક તથા રોકડ રૂ.૧૩.૫૦ લાખ આપ્યા હતા.જે બાદ વિજયભાઈએ તેના નામે ખેતીની જમીન ખરીદ કરી દસ્તાવેજ પોતાના નામે કરાવી કરશનભાઈને જમીન પેટે રૂ.૪ લાખ પરત આપ્યા હતા અને બાકીના રૂપિયા પરત આપવા કરશનભાઈ પાસેથી ખેતીની જમીનના અસલ દસ્તાવેજ પરત લઈ જઈ ખેતીની જમીન અન્ય વ્યક્તિને વેચાણ કરી કરશનભાઈના રૂ.૯.૫૦ હજાર પોતાના અંગત ફાયદા સારું ઉપયોગમાં લઈ પરત ન કરી ઠગાઈ આચરી છે.

# હિટ એન્ડ રન:વોકિંગમાં નીકળેલા આધેડનું વાહન અડફેટે મોત

રાજકોટ:કાલાવડ રોડ કટારિયા ચોકડી નજીક હિટ એન્ડ રનના બનાવમાં રંગોલી પાર્કમાં રહેતાં અને સર્વિસ સ્ટેશન ચલાવતાં આધેડનું ગંભીર ઈજા થતાં મૃત્યુ થયું છે. તેઓ ઘરેથી વોકિંગ માટે નીકળ્યા ત્યારે કોઈ વાહનનો ચાલક ઠોકરે લઈ ભાગી જતાં સારવાર માટે દાખલ કરાયા હતા. સિવિલ હોસ્પિટલમાં દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઈ ગયો છે.કટારિયા ચોકડી નજીક રંગોલી પાર્કમાં રહેતા ઘનશ્યામસિંહ રણજિતસિંહ ચૌહાણ (ઉ.વ.૪૫) ગત શનિવારે સાંજે ઘરેથી વોકિંગ માટે નીકળ્યા હતા. તેઓ કટારિયા ચોકડી નજીક પહોંચ્યા ત્યારે કોઈ વાહનનો ચાલક ઠોકરે લઈ ભાગી જતાં ગંભીર ઈજા થઈ હતી. સિવિલ હોસ્પિટલમાં તે સતત ચાર દિવસથી સારવાર હેઠળ હતા. આજે સવારે અંતિમ શ્વાસ લઈ લેતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે તાલુકા પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર ઘનશ્યામસિંહ ચૌહાણ બે ભાઈમાં મોટા હતા.